RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 238 * Date: 18.06.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# તાત્કાલિક તેહરાન છોડો, એડ્રેસ-ફોન નંબર આપો: ઈરાનમાં ફસાયેલા ભારતીયો માટે એડવાઇઝરી



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. ત્યારે ભારતીય દૂતાવાસે મંગળવારે (૧૭મી જૂન) તેહરાનમાં રહેતા ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના વ્યક્તિઓ (*)ને શહેર છોડીને સુરક્ષિત સ્થળોએ જવા અપીલ કરી છે. આ ઉપરાંત ભારતીય દૂતાવાસે તેહરાનમાં રહેલા એવા ભારતીયોને પણ સૂચના આપી છે જે સંપર્ક નથી, તેમને તાત્કાલિક દૂતાવાસનો સંપર્ક કરવા કહ્યું છે.

ભારતીય દૂતાવાસે ઈરાનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લઈને જણાવ્યું હતું કે, 'તેહરાનમાંથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા છે. અન્ય ભારતીય નાગરિકોને પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેર છોડી દેવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક ભારતીયોને આર્મેનિયા સરહદ દ્વારા ઈરાન છોડવાની સુવિધા આપવામાં આવી છે. શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે દૂતાવાસે લોકો સાથે સતત સંપર્કમાં છે.'

સોશિયલ મીડિયા પ્લેટપોર્મ 'ઠ' પર ભારતીય દૂતાવાસે પોસ્ટ કરીને લખ્યું કે, 'તેહરાનમાં રહેતા અને દૂતાવાસના સંપર્કમાં ન હોય તેવા તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે અને તેમનો ફોન નંબર અને એડ્રેસ +૯૮૯૦૧૦૧૪૪૫૫૭; +૯૮૯૧૨૮૧૦૯૧૧૫; +૯૮૯૧૨૮૧૦૯૧૦૯ નંબર પર મોકલવામાં આવે.' આ ઉપરાંત વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'ઈઝરાયલ અને ઈરાન બંનેમાં ૨૪□૭ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.'

ઈઝરાયલે ઈરાન પર એરસ્ટ્રાઈક કરી તે બાદથી જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ઈરાનને ધમકી આપી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા કહ્યું હતું કે, 'ઈરાન પાસે હજુ પણ એક મોકો છે, એ અમેરિકા સાથે ન્યુક્લિયર ડીલ કરે નહીંતર હજુ પણ ભયાનક હુમલા થશે.' હવે તે કહી રહ્યા છે કે, ઈરાનનો પરાજય નિશ્ચિત છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર પોસ્ટ કરી લખ્યું, 'મેં ઈરાનને પહેલા જ ડીલ કરી લેવા કહ્યું હતું. સામાન્ય શબ્દોમાં કહ્યું હતું કે ઈરાન પાસે પરમાણુ હથિયારો ના હોઈ શકે. મેં વારંવાર કહ્યું. સૌ કોઈ તાત્કાલિક તેહેરાન ખાલી કરે.'

અગાઉ ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો જેમાં ઈરાનના ૨૦ ટોચના કમાન્ડર સહિત ૭૫થી વધુ લોકોના મોતની આશંકા છે. મૃતકોમાં ઈરાનની આર્મી તથા એરફોર્સના ચીફ પણ સામેલ છે. ઈરાનના છ વિજ્ઞાનીઓએ પણ જીવ ગુમાવ્યા. ઈઝરાયલ દ્વારા ઈરાન પર કુલ પાંચ તબક્કામાં હુમલો કરાયો હતો. જેને 'ઓપરેશન રાઈઝિંગ લાયન' નામ આપવામાં આવ્યું. નોંધનીય છે કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવવાની ટેકનોલોજી પર કામ કરી રહ્યું છે અને અહેવાલો અનુસાર તેમને સફળતા પણ મળી રહી હતી. એવામાં અમેરિકા અને ઈઝરાયલ નથી ઈચ્છતા કે ઈરાન પરમાણુ શક્તિ ધરાવતો દેશ બને.

## ભારત આવતાં ત્રણ બોઇંગ ડ્રીમલાઇનર વિમાનોએ પરત જવું પડયું



અમદાવાદમાં એર ઈન્ડિયાનું જે વિમાન ક્રેશ થયું તે બોઈંગ ડ્રીમલાઈનર તરીકે ઓળખાય છે. છેલ્લા ૩૬ કલાકમાં આ બોઈંગ ડ્રીમલાઈનર સાથે વધુ ત્રણ ઘટનાઓ સામે આવી છે. જેમાં બોમ્બની અફવા કે કેટલીક ખામીને કારણે ત્રણ ફ્લાઈટોએ પરત ફરવુ પડયું હતું. આ ત્રણેય વિમાનો ભારત તરફ આવી રહ્યા હતા પરંતુ વિવિધ કારણોસર પરત વાળવા પડયા હતા. આ વિમાન ચેન્નાઈ, હૈદરાબાદ અને દિલ્હીમાં ઉતરવાના હતા. હોંગ કોંગથી દિલ્હી તરફ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૩૧૫એ ૧૬મી તારીખે હોંગ કોંગથી ત્રણ કલાક મોડા ઉડાન ભરી હતી, જોકે તેણે ઉડાન ભર્યાના એક કલાકમાં જ પરત ફરવુ પડયું હતું, કેટલીક ટેક્નીકલ ખામી જણાતા પાયલોટે વિમાનને પાછુ વાળી લીધુ હતું. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે વિમાન સુરક્ષિત હોંગ કોંગ પરત લેન્ડ થયું હતું. હાલ આ વિમાનની તપાસ કરવામાં આવી રહી છે. બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાને સ્થાનિક સમય મુજબ સવારે ૯.૪૫ કલાકે હોંગ કોંગથી ઉડાન ભરી હતી, અને બપોરે સાડા બાર વાગ્યા આસપાસ દિલ્હી ઉતરવાનું હતું.જયારે રવિવારે બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ લંડનના હીથ્રો એરપોર્ટ પર પરત ફરી હતી, આ ફ્લાઈટ ચેન્નાઈ આવી રહી હતી જોકે ટેક્નીકલ ખામી જણાતા ફ્લાઈટને પરત વાળી લેવામાં આવી હતી. આ ફ્લાઈટ પણ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર હતી, જેણે લંડનથી ૩૬ મિનિટના વિલંબ બાદ ઉડાન ભરી હતી, જોકે તરત જ તેને પરત વાળવી પડી હતી, એરપોર્ટ પર પરત લેન્ડિંગ પહેલા આ વિમાને હવામાં અનેક વખત આટાફેરા કરવા પડયા હતા. બોઈંગ વિમાન સાથે અન્ય એક આવો જ મામલો જર્મનીથી હૈદરાબાદ આવી રહેલી ફ્લાઈટમાં સામે આવ્યો છે.

## ઈન્ડિગો વિમાનનું નાગપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ: બોમ્બથી ઉડાડી દેવાની મળી ધમકી






કોચ્ચિથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી બાદ નાગપુર એરપોર્ટ પર તેની ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ સલામતીને ધ્યાને લઈને વિમાનનું નાગપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું, જ્યાં તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી વિમાનની તપાસ કરવામાં આવી હતી.વિમાનમાં બોમ્બની ધમકી મળ્યા બાદ પ્રોટોકોલ હેઠળ તુરંત ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં પુષ્ટિ કરવામાં આવી કે, ધમકી ગંભીર હતી. કારણ કે, ધમકીમાં ફ્લાઈટ નંબર પણ સ્પષ્ટ રૂપે આપવામાં આવ્યો હતો. જોકે, ધમકી મળી ત્યાં સુધી ફ્લાઈટ કોચ્ચિથી ઉડાન ભરી ચુકી હતી, જેને સુરક્ષાના કારણોસર નાગપુર એરપોર્ટ તરફ વળાવી દેવાયું હતું. હાલ, વિમાન અને મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, શુક્રવારે થાઈલેન્ડના ફુટેકથી નવી દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના વિમાન છૈં-૩૭૯ને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હતી. ત્યારબાદ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. ફુકેટ એરપોર્ટના અધિકારીઓએ જાણકારી આપી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી પ્રોસીઝરનું પાલન કરતા તમામ મુસાફરોને વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. એર ઈન્ડિયાના આ વિમાનમાં ૧૫૬ મુસાફરો સવાર હતા.

## સીઝફાયર નહીં, કંઈક મોટું થવાનું છે', G7 સમિટ અધવચ્ચે છોડ્યા બાદ ટ્રમ્પના નિવેદનથી સસ્પેન્સ



કેનેડામાં આયોજિત ય૭ સમિટને અધવચ્ચે જ અધૂરી મૂકી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પરત ફર્યા છે. ટ્રમ્પે પોતાની આ વાપસી પહેલાં જ કંઈક મોટું થવાનો સંકેત આપ્યો છે. તેમણે પોતાની વાપસીનું કારણ મધ્ય-પૂર્વમાં ચાલુ તણાવ આપ્યું છે. જેથી લોકો અટકળો લગાવી રહ્યા છે કે, હવે અમેરિકા ઈરાન વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે. ટ્રમ્પે કેનેડામાંથી પરત વોશિંગ્ટન જતી વખતે નિવેદન આપ્યું હતું કે, પ્રશંસા મેળવાની ઈચ્છા રાખતા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ભૂલથી કહ્યું છે કે, હું કેનેડામાં ય૭ શિખર સંમેલન છોડી પરત વોશિંગ્ટન જઈ રહ્યો છું, જેથી ઈરાન- ઈઝરાયલ વચ્ચે સીઝફાયર પર કામ કરી શકું. પરંતુ તે વાત ખોટી છે. તેમને ખબર નથી કે, હું શા માટે વોશિંગ્ટન પરત ફરી રહ્યો છું. પરંતુ નિશ્ચિત રૂપે સીઝફાયર માટે તો નહીં. તેનાથી પણ કંઈક મોટુ થવાની શક્યતા છે... જાણી જોઈને અથવા અજાણતા ઈમેન્યુઅલ હંમેશા ખોટા જ નિવેદનો આપે છે.ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા પાંચ દિવસથી યુદ્ધ ચાલી રહ્યુ છે. એવામાં ટ્રમ્પના આ પ્રકારના નિવેદન સંકેત આપી રહ્યા છે, બંને દેશો વચ્ચે વધુ ભયાનક યુદ્ધ થશે. કારણકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે, બંને દેશો સીઝફાયર તો કરી રહ્યા નથી. વધુમાં અમેરિકા પણ ઈચ્છતું નથી કે, બંને દેશો વચ્ચે સીઝફાયર થાય. ટ્રમ્પે ઈરાનને ઝૂકવા માટે અનેક અપીલ અને ધમકીઓ આપી છે.

## ભારતમાં કોરોના વકર્યો, ૨૪ કલાકમાં ૧૧ દર્દીઓના મોત, કેરળમાં સૌથી વધુ





દેશમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧૦૮ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ કોરોના પોઝિટિવ લોકોના મૃત્યુ નીપજ્યા છે. આ એક દિવસમાં મૃત્યુનો સૌથી વધુ આંકડો છે. કેરળમાં સાત મૃત્યુ થયા છે. જ્યારે દિલ્હી, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં એક-એક મૃત્યુ થયું છે.

સરકારે જાહેર કરેલા આંકડાઓ અનુસાર, કેરળમાં કોરોનાને કારણે જીવ ગુમાવનારા તમામ સાત લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના હતા. કોરોના ઉપરાંત, તેમને કેન્સર, કિડની અને ન્યુમોનિયા જેવી બીમારીથી પીડાઈ રહ્યા હતા. પહેલી જાન્યુઆરી ૨૦૨૫ પછી કેરળમાં કોરોનાને કારણે સૌથી વધુ ૩૫ મૃત્યુ થયા છે. જ્યારે દિલ્હીમાં ૬૭ વર્ષીય કોરોના પોઝિટિવ દર્દીએ જીવ ગુમાવ્યો, તેમને ફેફસાંનું કેન્સર પણ હતું. આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે, કોરોનાના કારણે મૃત્યુ પામેલા મોટાભાગના લોકો કેન્સર, કિડની રોગ અને હૃદય જેવા બીમારી હતી.દેશમાં કોરોનાના એક્ટિવ કેસોની વાત કરીએ, તો કેરળમાં સૌથી વધુ ૧,૯૨૦ કોરોના પોઝિટિવ દર્દીઓ છે. ત્યારબાદ ગુજરાતમાં ૧,૪૩૩, દિલ્હીમાં ૬૪૯ અને મહારાષ્ટ્રમાં ૫૪૦ કેસ એક્ટિવ કેસ છે. નવા કેસોની વાત કરીએ સોમવારે (૧૬મી જૂન) દેશમાં કુલ ૧૧૯ નવા કેસ નોંધાયા હતા. કેરળમાં સૌથી વધુ ૮૭ કેસ નોંધાયા હતા. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૩૮ નવા કેસ નોંધાયા હતા. ઉત્તર પ્રદેશમાં ૩૭ અને દિલ્હીમાં ૩૩ નવા કેસ નોંધાયા હતા. રાજસ્થાનમાં પણ કોરોનાના ૩૦ નવા કેસ નોંધાયા હતા.

## મેમાં બેકારીનો દર વધીને ૫.૬ ટકા : એનએસઓ





મે, ૨૦૨૫માં બેકારીનો દર વધીને ૫.૬ ટકા રહ્યો છે. એપ્રિલમાં આ દર ૫.૧ ટકા હતો. આ આંકડા નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના માસિક પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ)માં જાહેર કરવામાં આવ્યા છે. ૧૫ થી ૨૯ વર્ષની ઉંમરના લોકોમાં બેકારીનું પ્રમાણ વધ્યું છે. એપ્રિલમાં આ ઉંમરના લોકોમાં બેકારીનો દર ૧૩.૮ ટકા હતો. જે મેમાં વધીને ૧૫ ટકા થઇ ગયો છે. શહેરી વિસ્તારોમાં આ દર ૧૭.૨ ટકાથી વધીને ૧૭.૯ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં આ દર ૧૨.૩ ટકાથી વધી ૧૩.૭ ટકા થઇ ગયો છે.મહિલાઓમાં સ્થિતિ વધુ ચિંતાજનક છે. એપ્રિલમાં ૧૫ થી ૨૯ વર્ષની ઉંમર ધરાવતી મહિલાઓમાં બેકારીનો દર ૧૪.૪ ટકા હતો જે મેમાં વધીને ૧૬.૩ ટકા થઇ ગયો છે. આ ઉંમરના પુરુષોમાં બેકારીનો દર ૧૩.૬ ટકાથી વધી ૧૪.૫ ટકા થઇ ગયો છે.

## પાયલટની અંતિમ વિદાયના ભાવુક દ્રશ્યો: તસવીર પર હાથ ફેરતી રહી પત્ની દીપિકા



રવિવારે સવારે કેદારનાથના ગૌરીકુંડમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા ૩૭ વર્ષીય નિવૃત્ત પાયલટ રાજવીર સિંહ ચૌહાણનો પાર્થિવ દેહ આજે સવારે જયપુર લઈ જવામાં આવ્યો હતો. જયપુરના ચાંદપોલ સ્થિત મોક્ષધામમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. રાજવીર લેફ્ટનન્ટ કર્નલ તરીકે સેનામાંથી નિવૃત્ત થયા હતા અને ચાર મહિના પહેલા જ જોડિયા બાળકોના પિતા બન્યા હતા. તેમની પત્ની, લેફ્ટનન્ટ કર્નલ દીપિકા ચૌહાણ પણ ભારતીય સેનામાં અધિકારી છે અને યુનિફોર્મમાં આ અંતિમ યાત્રામાં ભાગ લીધો હતો.

હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાજવીરનો મૃતદેહ ખરાબ રીતે દાઝી ગયો હતો, તેથી અંતિમ સંસ્કાર સમયે તેનો ચહેરો પરિવારને બતાવવામાં આવ્યો ન હતો. મોટા ભાઈ ચંદ્રવીરે વીંટી અને ઘડિયાળ જોઈને તેના ભાઈની ઓળખ કરી હતી. પોલીસે પુષ્ટિ માટે રાજવીર અને ચંદ્રવીરના ડીએનએના નમૂના પણ લીધા હતા. પરિવારને છેલ્લી વાર રાજવીરનો ચહેરો જોવાની મંજૂરી આપવામાં આવી ન હતી..

રાજવીર સિંહ ચૌહાણે લગભગ ૧૫ વર્ષ સુધી ભારતીય સેનામાં સેવા આપી હતી. શરૂઆતમાં આર્ટિલરી રેજિમેન્ટમાં અને પાછળથી આર્મીની એવિએશન વિંગમાં જોડાયા. પઠાણકોટમાં પોસ્ટિંગ દરમિયાન, તેમણે ઘણા જોખમી મિશનમાં ભાગ લીધો. સપ્ટેમ્બર ૨૦૨૪ માં, તેઓ નિવૃત્ત થયા અને ખાનગી ક્ષેત્રની હેલિકોપ્ટર કંપની આર્યન એવિએશનમાં પાઈલોટનું પદ સંભાળ્યું. તેમના પત્ની લેફ્ટનન્ટ કર્નલ દીપિકા ચૌહાણ પણ ભારતીય સેનામાં પાઈલોટ છે. તેમને ચાર મહિના પહેલા જ જોડિયા બાળકો થયા હતા. રાજવીરના મૃત્યુના સમાચારથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે.

# તંત્રી લેખ...

## કંપનીઓનું ચોખ્ખું દેવું ૬% વધીને રૂ. ૩૭.૪ લાખ કરોડ

ભારતીય કંપનીઓનું ચોખ્ખું દેવું નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૬% વધીને રૂ. ૩૭.૪ લાખ કરોડ થયું હતું, જે મુખ્યત્વે ટોચના ૧૦ કોર્પોરેટ ઋણધારકો દ્વારા પ્રેરિત હતું, જેઓ કુલ ણધારકોના લગભગ અડધા હતા. આ વધારો લિસ્ટેડ બિન-નાણાકીય કંપનીઓ દ્વારા મૂડી ખર્ચમાં નોંધપાત્ર ૨૦% વધારા સાથે સુસંગત છે, જે રૂ. ૧૧ લાખ કરોડ સુધી પહોંચ્યો હતો.દેશના ટોચના ૧૦ કોર્પોરેટ ઋણધારકોએ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતીય કંપનીઓનો કુલ ચોખ્ખા દેવાનો લગભગ અડધો હિસ્સો હતો, જે પાછલા વર્ષની જેમ જ હતો. બીજા શબ્દોમાં કહીએ તો, બાકીની કંપનીઓએ તેમના ઋણમાં માત્ર નજીવો વધારો નોંધાવ્યો હતો અથવા બિલકુલ નહીં. નાણાકીય વર્ષ ૨૦૨૪માં, ભારતીય કંપનીઓનું ચોખ્ખું દેવું ફક્ત ૧% વધ્યું હતું, જે આંશિક રીતે નાણાકીય વર્ષ ૨૦૨૩માં પ્રતિકૂળ આધારનું પરિણામ હતું. માર્ચ ૨૦૨૫ના અંતમાં ભારતીય કંપનીઓ સાથે રોકડ અને બેંક બેલેન્સ પણ લગભગ રૂ. ૧૩.૫ લાખ કરોડ જેટલા ઊંચા હતા. સુચિત સમયમાં કોર્પોરેટ લિવરેજમાં વધારો વર્ષ દરમિયાન મૂડી ખર્ચમાં વધારા સાથે સંકળાયેલો છે. એક અભ્યાસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫માં લિસ્ટેડ, બિન-નાણાકીય કંપનીઓ દ્વારા કરવામાં આવેલ મૂડી ખર્ચ ૨૦% વધીને રૂ. ૧૧ લાખ કરોડ થયો હોવાનો અંદાજ છે. ડેટામાં વ્યાપક ખર્ચ પેટર્ન જાહેર કરવામાં આવી છે જેમાં ૧૫૭ કંપનીઓ દરેક ૧૦૦ મિલિયન ડોલર (રૂ. ૮૫૦ કરોડ)થી વધુ મૂડી ખર્ચ કરે છે. એક દાયકામાં આ પહેલી વાર બન્યું છે કે આટલી મોટી સંખ્યામાં કંપનીઓએ એક વર્ષમાં ૧૦૦ મિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. ૨૦૧૨માં ૧૭૫ લિસ્ટેડ કંપનીઓએ ઓછામાં ઓછી ૧૦૦ મિલિયન ડોલર અથવા તે સમયના વિનિમય દર મુજબ આશરે રૂ. ૪૮૦ કરોડનું રોકાણ કર્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ ચોખ્ખું દેવું ધરાવતી કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સરકારી માલિકીની પાવર કંપની એનટીપીસી, ટેલિકોમ કંપનીઓ વોડાફોન અને ભારતી એરટેલ, આદિત્ય બિરલા ગ્રુપની ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ અને ક્રૂડ ઓઈલ ઉત્પાદક ઓએનજીસીનો સમાવેશ થાય છે. તેમના પછી ઓઈલ રિફાઈનર આઈઓસી, પાવર ગ્રીડ કોર્પોરેશન, લાર્સન અને ઓટોમોબાઈલ કંપની મહિન્દ્રાનો સમાવેશ થાય છે.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ લાંબુ ખેંચાયું તો ક્રૂડ ઓઈલના ભાવ જ નહીં, ભારત પર થશે આ ૫ અસર

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચ દિવસથી ચાલી રહેલા ભયાનક સંઘર્ષ બાદ પણ સ્થિતિ સુધરે તેવો કોઈ સંકેત જોવા નથી મળી રહ્યો. જોકે, હવે આ સંઘર્ષની અસર સીધી જનતાના ખિસ્સા પર જોવા મળી શકે છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમની સામે ઈઝરાયલે ઓપરેશન રાઈઝિંગ લાયન ૧૨ જૂને શરૂ કર્યું હતું. જેમાં ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાની અને પ્લાન્ટ્સને નિશાનો બનાવવામાં આવ્યા હતા. ચાલો જાણીએ કે, યુદ્ધની ૫ કઈ મોટી અસર ભારત પર જોવા મળશે.

ભારત દુનિયાના અમુક જ એવા દેશોમાંથી છે, જેના ઈઝરાયલ અને ઈરાન બંને સાથે સારા સંબંધો છે. ભારત ઈરાનના ક્રૂડ ઓઈલનો ખરીદદાર છે. ઈરાન ભારતને ક્રૂડ ઓઈલ પર ઘણી છૂટ પણ આપે છે. એવામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટવું અથવા આપૂર્તિ પર અસરથી ભારત માટે આયાત મોંઘુ પડશે અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે.

ઈરાને પોતાના પરમાણુ હથિયાર કાર્યક્રમથી પીછેહઠ ન કરી તો અમેરિકા તેના પર નવા આર્થિક પ્રતિબંધ લાગુ કરી શકે છે. ભારત ક્રૂડ સિવાય સૂકા મેવા પણ ઈરાન પાસેથી મંગાવે છે. આ સિવાય તેને બાસમતી ચોખા, ખાંડ, ચા-કૉફી જેવી અન્ય વસ્તુની નિકાસ કરે છે. ભારતની અનેક મોટી કંપની ઈરાનમાં મૂળભૂત પાયાનું નિર્માણ કામ કરવામાં જોડાયેલી છે. આર્થિક પ્રતિબંધો બાદ આવું કરવું અઘરૂ થશે,



ભારતે ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ પર એકપણ બાજુ પોતાનો ઝૂકાવ નથી બતાવ્યો. ભારત નથી ઈચ્છતુ કે, મધ્ય-પૂર્વમાં સાઉદી અરેબિયા, યુએઈની સાથોસાથ ઈરાન જેવા ઈસ્લામિક દેશો સાથે પોતાના સંબંધ બગાડે. ઈઝરાયલ પણ ભારત માટે ખૂબ મહત્ત્વનું છે. ઈરાન એવા ગણતરીના ઈસ્લામિક દેશોમાંથી છે, જે આતંકવાદ પર ભારતની પીડાને સમજે છે. ઈરાને તો ખુદ પાકિસ્તાન પોષિત આતંકવાદને સહન કરી રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા સમય પહેલાં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ ઈરાને ખૂબ સમજદારીથી કામ લીધુ હતું. તે ઈસ્લામના નામ પર પાકિસ્તાનની જાળમાં ન ફસાયું અને તટસ્થ વલણ અપનાવ્યું. પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે ખુદ તેહરાન જઈને અયાતુલ્લા અલી ખમેનેઈ સાથે મુલાકાત કરી હતી પરંતુ, તેમણે ઈસ્લામિક કાર્ડના નામે ભારતને નારાજ કરવાનું જોખમ ન લીધું.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે મિસાઈલના વરસાદ વચ્ચે જોર્ડન, ઈરાક, સીરિયા સહિત અનેક દેશોએ પોતાના એરસ્પેસને બંધ રાખ્યા છે. જેના કારણે એરલાઈન પોતાના વિમાનને મધ્ય-પૂર્વના આકાશથી બહાર લાંબો ચક્કર લગાવવો પડી રહ્યો છે. જેનાથી ઈંધણનો વપરાશ વધે છે અને વિમાનની કંપનીઓનો ખર્ચ વધતા ટિકિટોનો ભાવ પણ વધી રહ્યો છે. ઈરાનના વાયુક્ષેત્રથી કોઈ યાત્રી વિમાન પસાર નથી થઈ રહ્યું. જોકે, યુરોપથી એશિયા જનારા અનેક વિમાન પહેલા અહીંથી પસાર થતા હતા. જેનાથી ફ્લાટનો વધતો સમય, મોડું અને ઈંધણની કિંમત વધવાની અસર ભારતની એરલાઈન કંપનીઓ પર પણ થઈ રહી છે.

ઈરાન-ઈઝકાયલ વચ્ચે તણાવથી ક્રૂડ ઓઈલની કિંમતોમાં ૯ ટકાનો ઉછાળો પહેલાંથી જ થઈ ચુક્યો છે. જો યુદ્ધ ન રોકાયું તો ક્રૂડ ઓઈલ ૭૮થી વધીને ૧૦૦ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. જેનાથી ભારત સહિત દુનિયાભરના ક્રૂડ આયાત કરનારા દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધી શકે છે.

ઈરાન દરરોજ આશરે ૩.૩ મિલિયન બેરલ પ્રતિ દિવસ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરે છે. જેમાં ૧.૫ એમબીડીની નિકાસ કરવામાં આવે છે. જેમાં ૮૦ ટકા ક્રૂડ તો એકલું ચીન ખરીદે છે. ત્યારબાદ તુર્કી બીજો સૌથી મોટો ખરીદદાર છે. ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ વચ્ચે સોનાના ભાવમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. ઘરેલું બજારમાં સોનાનો ભાવ ૧ લાખ પ્રતિ તોલા પહોંચી ગયો છે. જો તણાવ વધ્યો તો શેરબજાર પર પણ તેની અસર જોવા મળશે અને સોનું મજબૂત થશે. ભારત દર વર્ષે ૮૦-૯૦ ટન સોનાની આયાત કરે છે. જો સોનાની કિંમત વધી તો ભારતે તેની આયાત માટે વધુ વિદેશી ચલણ વધુ ખર્ચાશે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ આખા મિડિલ ઈસ્ટમાં ફેલાઈ શકે છે. અમેરિકાએ પણ આ યુદ્ધમાં કૂદવાનો સંકેત આપ્યો છે. તેને સાઉદી અરેબિયા-યુએઈનો ટેકો મળી શકે છે. તે જ સમયે, સીરિયા, તુર્કીયે અને ઈરાક જેવા દેશો પણ આવી સ્થિતિમાં શાંત નહીં બેસે. રશિયા હાલમાં યુક્રેન સાથે યુદ્ધમાં ફસાઈ શકે છે, પરંતુ તે કોઈપણ કિંમતે મધ્ય પૂર્વમાં તેના સાથી ઈરાનને ગુમાવવા માંગતો નથી. આ અભિયાનમાં તેને ચીન અને ઉત્તર કોરિયાનો પણ ટેકો મળી શકે છે. જો આવું થાય, તો તે ત્રીજા વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે.

## ચાલુ માસમાં એશિયન ચલણો સામે રૂપિયાનું સૌથી ખરાબ પ્રદર્શન

ડોલરમાં નબળાઈ હોવા છતાં, ભારતીય રૂપિયો તેના એશિયન સમકક્ષો કરતાં નબળો દેખાવ કરી રહ્યો છે. વિવિધ પ્રતકૂળ પરિબળો પાછળ રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરતા એશિયન ચલણોમાંના એક ચલણ તરીકે ઉભરી આવ્યો છે.

સ્થાનિક ચલણમાં નબળાઈનું મુખ્ય કારણ તાજેતરના મહિનાઓમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) દ્વારા દેવામાંથી સતત ઉપાડ, ઈક્વિટી બજારમાં ધીમી ગતિવિધિઓ અને ધીમો વિદેશી સીધા રોકાણનો (એફડીઆઈ) પ્રવાહ છે.ખાનગી બેંકના ટ્રેઝરી વડાએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ડોલરમાં નબળાઈ હોવા છતાં, આ વલણ ડોલર/રૂપિયા પર પ્રતિબિંબિત થયું નથી. ગયા મહિના દરમિયાન, રૂપિયો ૮૫.૫૦ની આસપાસ રહ્યો છે. જ્યારે આ સમયગાળા દરમિયાન અન્ય એશિયન ચલણો ૧થી ૨ ટકાની વચ્ચે વધ્યા હતા, ત્યારે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. ડેટ સેગમેન્ટમાંથી સતત એફપીઆઈ આઉટફ્લો, જૂનમાં ઓછી ઈક્વિટી બજાર ભાગીદારી અને તાજેતરના મહિનાઓમાં નબળા એફડીઆઈ રોકાણ પ્રવાહે રૂપિયાની ચમક ઘટાડી દીધી છે.જૂન મહિનામાં અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૫,૪૦૨ કરોડના સ્થાનિક ઈક્વિટી શેર વેચ્યા છે, જ્યારે તેમણે ડેટ સેગમેન્ટમાંથી રૂ. ૧૩,૮૪૮ કરોડનું વેચાણ કર્યું છે. જૂન મહિનામાં અત્યાર સુધીમાં રૂપિયો લગભગ ૦.૬ ટકા ઘટયો છે, જે તેને મહિના માટે સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણોમાંનો એક બનાવે છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીમાં, સ્થાનિક ચલણ ડોલર સામે ૦.૫ ટકા નબળું પડયું છે, જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં તે ૦.૭ ટકા ઘટયું છે.વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવે ઘટાડામાં વધુ વધારો કર્યો છે. આ ઘટનાઓએ વૈશ્વિક જોખમ ટાળવાની ભાવના ઉભી કરી છે, જેના કારણે રોકાણકારો ભારત સહિત ઉભરતા બજારોમાંથી મૂડી પાછી ખેંચી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો.ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ઝડપથી ઘટયો છે અને એશિયામાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર ચલણોમાંનો એક છે. મોટા વિદેશી મૂડીનો પ્રવાહ, બજારોમાં જોખમ-પર વાતાવરણ અને વૈશ્વિક ક્રૂડ ઓઈલમાં વધારો આ ઘટાડા માટે તેલના ભાવ જવાબદાર ગણી શકાય. વર્ષની શરૂઆતથી ૧૫ જૂન સુધી ડોલર ઈન્ડેક્સમાં લગભગ ૧૦ ટકાનો ઘટાડો થયો છે.

## પ્રધાનમંત્રી મોદીએ સાયપ્રસના રાષ્ટ્રપતિ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વાતચીત કરી



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સાયપ્રસની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે, તેમણે અને રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષો પર ×ચિંતા વ્યક્ત કરી× છે, અને તેઓ બંને સંમત છે કે ×આ યુદ્ધનો યુગ નથી×.

ક્રિસ્ટોડોલિડ્સ સાથેની તેમની વ્યાપક વાટાઘાટો પછી સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે ×સંવાદ દ્વારા ઉકેલ અને સ્થિરતાની પુનઃસ્થાપના એ માનવતાનું આહવાન છે×.

×અમે બંનેએ પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષો પર ચિંતા વ્યક્ત કરી. તેમની નકારાત્મક અસર ફક્ત તે પ્રદેશો સુધી મર્યાદિત નથી. અમે બંને માનીએ છીએ કે આ યુદ્ધનો યુગ નથી. વાતચીત દ્વારા ઉકેલ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવી એ માનવતાનો આહવાન છે,× મોદીએ કહ્યું.

આતંકવાદ સામે ભારતની લડાઈમાં સમર્થન બદલ પીએમ મોદી સાયપ્રસનો આભાર માને છેપીએમ મોદીએ સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈમાં સમર્થન બદલ સાયપ્રસનો પણ આભાર માન્યો.

×આપણે સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈમાં સમર્થન બદલ સાયપ્રસના આભારી છીએ,× એમ પીએમ મોદીએ કહ્યું, જેઓ હાલમાં તેમના ત્રણ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં સાયપ્રસની સત્તાવાર મુલાકાતે છે.મે મહિનામાં ભારતે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર ચલાવ્યા પછી આ તેમનો પહેલો વિદેશ પ્રવાસ છે. આ દરમિયાન ભારતે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખાનો નાશ કર્યો હતો.

×આપણી વચ્ચે ઐતિહાસિક મિત્રતા છે, અને સંબંધોમાં વિશ્વાસ છે,× રાષ્ટ્રપતિ ક્રિસ્ટોડોલિડ્સે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન પોતાના ભાષણમાં જણાવ્યું હતું.

તેમણે ૨૨ એપ્રિલના ભયાનક પહેલગામ આતંકવાદી હુમલાને પણ યાદ કર્યો અને ભારપૂર્વક જણાવ્યું કે સાયપ્રસ ભારત સાથે ×સંપૂર્ણ એકતા× માં ઉભું છે.રાષ્ટ્રપતિએ કહ્યું કે સાયપ્રસ તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં ×આતંકવાદ સામેની લડાઈમાં ભારતની સાથે ઉભું છે×.

## વેસ્ટ વેલી સિટીમાં સામૂહિક ગોળીબારઃ સેન્ટેનિયલ પાર્કમાં વેસ્ટફેસ્ટમાં અનેક રાઉન્ડ ફાયર કરાયા



ઉટાહના વેસ્ટ વેલી સિટીમાં વાર્ષિક સિટી ફેસ્ટિવલ વેસ્ટફેસ્ટમાં સામૂહિક ગોળીબાર થયો છે. આ ફેસ્ટિવલ સેન્ટેનિયલ પાર્કમાં ચાલી રહ્યો હતો.

×શૂટિંગઃ સેન્ટેનિયલ પાર્કમાં ચાલી રહેલા વેસ્ટફેસ્ટમાં ગોળીબાર થયો છે. ઘણા લોકો ઘાયલ થયા છે. પીઆઈઓ રસ્તામાં છે. મીડિયાઃ સ્ટેજિંગ માટે તૈયાર રહો,× વેસ્ટ વેલી સિટી પોલીસે ૪ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

મીડિયા સૂત્રો અનુસાર, રવિવારે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૯:૪૦ વાગ્યે ફાયરીંગ નો બનાવ બન્યો હતો, જેના કારણે ઉટાહ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશનને સોલ્ટ લેક કાઉન્ટીમાં ૩૫૦૦ સાઉથ ખાતે ઉત્તર તરફ જતી ૫૬૦૦ વેસ્ટ ટ્રેન બંધ કરવી પડી હતી.

તપાસ ચાલુ છે, અને પીડિતો કે શંકાસ્પદ વ્યક્તિ અંગે હજુ સુધી કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. આ સમગ્ર ઘટના ના ઘણા સાક્ષીઓ અને સ્થાનિક રહેવાસીઓએ સોશિયલ મીડિયા પર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસની હાજરીની જાણ કરી.એક સાક્ષીએ ફેસબુક પર લખ્યું, ×હું ત્યાંની બાજુમાં રહું છું! મને બહાર ૬-૭ ગોળીબારનો અવાજ સંભળાયો અને પોલીસ સતત દોડી રહી હતી. મેં આસપાસ જોયું અને બંદૂકો સાથે પોલીસ કોઈને શોધી રહી હતી.×આ બાબતે બીજા એક વ્યક્તિએ ઉમેર્યું, "મેં સ્કેનરને કહેતા સાંભળ્યું કે અત્યાર સુધી તેમને થોડી મહિલા પીડિતો મળી છે, જેમાં એક પુરુષ અને ઓછામાં ઓછું એક બાળક છે."ત્રીજા વ્યક્તિએ લખ્યું, "હું અને મારા પતિ આજે ત્યાં હતા. અમે દુકાનથી ઘરે જઈ રહ્યા હતા અને રસ્તા પર પોલીસ દોડતી જોઈ અને અમે ફક્ત એટલું જ કહી રહ્યા હતા કે ×જો× વેસ્ટ ફેસ્ટમાં કંઈક થઈ રહ્યું હોય. આ ખૂબ જ દુઃખદ છે કે ખરેખર આવું જ છે.×

## ભારતે તેના નાગરિકો અને વિદ્યાર્થીઓને ઇરાનમાં ખસેડ્યા કારણ કે ઇઝરાયલના હુમલાથી તેહરાન હચમચી ગયું



તેહરાન,

ભારતીય વિદેશ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે, સતત ઈઝરાયલી હુમલાઓને ધ્યાનમાં રાખીને ભારતીય અધિકારીઓ ઈરાનમાં કેટલાક ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતરિત કરી રહ્યા છે અને ભારતીયોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ×અન્ય શક્ય વિકલ્પો× શોધી રહ્યા છે.

ઈરાનમાં ઈઝરાયલી હુમલાઓ વધી રહ્યા છે, ત્યારે સેંકડો ભારતીય મેડિકલ વિદ્યાર્થીઓ ભારત સરકારને તેમને બહાર કાઢવા વિનંતી કરી રહ્યા છે, કારણ કે તેઓ હવે સુરક્ષિત અનુભવતા નથી.

કાશ્મીરમાં ભારતીય વિદ્યાર્થીઓના માતા-પિતા દ્વારા રવિવારે શ્રીનગરમાં વિરોધ પ્રદર્શન બાદ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેહરાનમાં ભારતીય દૂતાવાસ ×સુરક્ષા પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ઈરાનમાં ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમની સાથે સંપર્કમાં છે×.

×કેટલાક કિસ્સાઓમાં, વિદ્યાર્થીઓને ઈરાનમાં સુરક્ષિત સ્થળોએ ચદૂતાવાસૃ ની સુવિધા સાથે સ્થળાંતર કરવામાં આવી રહ્યા છે. અન્ય શક્ય વિકલ્પોની પણ તપાસ ચાલી રહી છે. વધુ અપડેટ્સ પછી આવશે,× મંત્રાલયે જણાવ્યું હતું.

ભારતીય દૂતાવાસ ભારતીયોના કલ્યાણ અને સલામતી અંગે ભારતીય સમુદાયના નેતાઓ સાથે સંપર્કમાં છે, મંત્રાલયે જણાવ્યું હતું.

ઈરાનમાં હાલમાં ૪,૦૦૦ થી વધુ ભારતીય નાગરિકો રહે છે, જેમાંથી લગભગ અડધા વિદ્યાર્થીઓ છે. ઈરાનમાં ઘણા ભારતીય વિદ્યાર્થીઓ જમ્મુ અને કાશ્મીરના છે અને તબીબી અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવે છે. કાશ્મીરી વિદ્યાર્થીઓ સામાન્ય રીતે તેમની પોષણક્ષમતા અને સમાન સાંસ્કૃતિક વાતાવરણને કારણે ઈરાની યુનિવર્સિટીઓ પસંદ કરે છે. વિદ્યાર્થીઓ તેહરાન, શિરાઝ અને કોમ જેવા શહેરોમાં ફેલાયેલા છે.રવિવારે શ્રીનગરમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં ડઝનબંધ લોકોએ ભાગ લીધો હતો, જેમાં સરકારને ભારતીય વિદ્યાર્થીઓને ઈરાનથી બહાર કાઢવાની વિનંતી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે કેટલાક વિદ્યાર્થીઓ ઈઝરાયલી હુમલાઓનો ભોગ બનેલા શહેરોમાં હતા.

## યુપીમાં અમરોહા-અતરાસી રોડ પર ખેતરોની વચ્ચે આવેલી ફટાકડાની ફેક્ટરીમાં આગ



અમરોહા,

ઉત્તર પ્રદેશમાં એક મોટી આગની ઘટના બની હતી જેમાં, અમરોહા-અતરાસી રોડ પર ખેતરોની વચ્ચે આવેલી એક મોટી ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી. આ આગમાં ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક પુરુષ સહિત નવ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જોરદાર વિસ્ફોટ સાથે થયેલા આ અકસ્માતથી આસપાસનો વિસ્તાર પણ હચમચી ગયો હતો.ફટાકડા નઈ ફેક્ટરીમાં આગ લગ્નાની ઘટના મામલે જાણ જ ડીએમ નિધિ ગુપ્તા વત્સ અને પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થળનું નિરીક્ષણ કર્યા પછી સૂચનાઓ આપી હતી.

આ સમગ્ર ઘટના બાબતે અમરોહાના પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે જણાવ્યું હતું કે, 'આ ફેક્ટરી સૈફૂર અહેમની છે જે જિલ્લા હાપુરના રહેવાસી છે. આ વિસ્ફોટ સોમવારે બપોરે થયો હતો. જેમાં પાંચ મહિલાઓના મોત થયા છે જ્યારે ૯ ઘાયલ થયા છે. મૃતક મહિલાઓના મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. અન્ય ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિસ્ફોટ પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે.'

## કોલંબો ૨૦૨૫ મહિલા વર્લ્ડ કપમાં ૧૧ મેચનું આયોજન કરશે, ભારત પાંચેય સ્થળોએ રમશે

ICC (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ) એ ભારત અને શ્રીલંકામાં યોજાનાર મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ના સંપૂર્ણ સમયપત્રકની પુષ્ટિ કરી. આઠ ટીમોની આ ટુર્નામેન્ટ ૩૦ સપ્ટેમ્બરના રોજ બેંગલુરુમાં શરૂ થશે અને ૨ નવેમ્બરના રોજ શહેરમાં સમાપ્ત થશે, જો પાકિસ્તાન સ્પર્ધામાં ઊંડાણપૂર્વક જાય તો કોલંબો બીજો વિકલ્પ રહેશે. ઈન્દોર, વિશાખાપટ્ટનમ અને ગુવાહાટી અન્ય ત્રણ સ્થળો હશે જેમાં કોલંબો સાથે ૨૯ ઓક્ટોબરના રોજ પ્રથમ સેમિફાઈનલ માટે બાદમાં એક વિકલ્પ હશે, જ્યારે બેંગલુરુ બીજા માટે રમાશે.

કોલંબો, બે પડોશી દેશો વચ્ચેની હાઈબ્રિડ વ્યવસ્થા મુજબ સાત મેચોમાં પાકિસ્તાન ટીમનું આયોજન કરવા ઉપરાંત, તેમના ક્રિકેટ બોર્ડ અને ૈઁઝ્ર, શ્રીલંકાને યજમાનીના લાભો મેળવવામાં પણ મદદ કરશે. શ્રીલંકા ૨૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામેની સ્પષ્ટ રમત ઉપરાંત ઓસ્ટ્રેલિયા (૪ ઓક્ટોબર), ન્યુઝીલેન્ડ (૧૪ ઓક્ટોબર), દક્ષિણ આફ્રિકા (૧૭ ઓક્ટોબર) અને બાંગ્લાદેશ (૧૮ ઓક્ટોબર) સામે પણ રમવાનું છે. બધી મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે યોજાશે. જો પાકિસ્તાન સેમિફાઈનલમાં પ્રવેશ કરે છે, તો કોલંબો પણ પ્રથમ સેમિફાઈનલનું આયોજન કરશે, નહીંતર ગુવાહાટી ટુર્નામેન્ટની ચોથી મેચનું આયોજન કરશે.

## મુંબઈની ૨ પ્રખ્યાત શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ,

સોમવારે મુંબઈના કેટલાક ભાગોમાં તણાવ ફેલાયો હતો, જ્યારે બે અગ્રણી શાળાઓને બોમ્બ ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા, જેના કારણે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. મીડિયા સૂત્રો દ્વારા માહિતી મુજબ, દેવનારમાં કનકિયા ઈન્ટરનેશનલ સ્કૂલ અને સમતા નાગામાં રાયન ઈન્ટરનેશનલ સ્કૂલને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં માત્ર સંસ્થાઓને ધમકી આપવામાં આવી ન હતી, પરંતુ મુંબઈના વિવિધ ભાગોમાં બોમ્બ વિસ્ફોટની ચેતવણી પણ આપવામાં આવી હતી.ચેતવણી બાદ, દેવનાર અને સમતા નગરની પોલીસ ટીમો તાત્કાલિક સંબંધિત કેમ્પસમાં પહોંચી, સઘન તપાસ હાથ ધરી અને સુરક્ષા પ્રોટોકોલ વધુ કડક બનાવ્યો. જો કે, અત્યાર સુધી, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
### આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:153**

વિષય:"વિમાન દુર્ઘટના"
શીર્ષક:" કુદરત નો પ્રકોપ"
પ્રકાર:ગધ્ય. શબ્દો:૨૪૭

તા.૧૨/૦૬/૨૫ નાં રોજ બનેલી અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટના જિંદગીભર યાદ રહી જશે.એર ઈન્ડીયા નું અમદાવાદ થી લંડન જતું ૨૪૨ પેસેન્જર લઈ જતું પ્લેન મેઘાણીનગર પાસે ટેક ઓફ ની દસ મિનીટ માં એક હોસ્ટેલ પર ક્રેશ થઈ ને આગ માં ભડતું થઈ ગયું.કોઈ ને બચાવવા સુધી નો સમય પણ ન મળ્યો. કોઈ તેમના સગા ને મળવા જતાં હતાં.કોઈ દિકરા-દિકરી ને મળવા જતાં હતાં.કો'ક મા-બાપ ને મળવા જતાં હતાં.કો'ક લગ્ન કરી ને પહેલી વાર જતું હતું.એકંદરે બધાં કાંઈક પામવા જતાં હતાં ને બધું જ ગુમાવી દીધું અને બધાં ને રોતા મુકી ને ચાલી નિકળ્યાં.કો'ક નો મા નો લાલ ગયો તો કો'ક નાં લાલ નાં મા-બાપ ગયાં.પૂર્વ સી.એમ.શ્રી વિજયભાઈ રુપાણી તેમાં તેમનાં કુટુંબ ને રોતાં મુકી અનંતયાત્રાએ ચાલી નિકળ્યા.આવાં તો કેટલાય કુટુંબો રેઢાં થઈ ગયાં.
ટાટા જેવી મેનેજમેન્ટ વાળી કંપનીએ ફુલ્લી ચેક અપ કર્યું હોત તો આ દુર્ઘટના ટળી શકી હોત.આ જ પ્લેન માં બે થી ત્રણ વાર તકલીફ પડી હતી.આ અકસ્માત નાં એક મહિના પહેલાં આ જ પ્લેન માં મારો દિકરો લંડન આવતો હતો ને બેસી ગયા પછી બધા ને ઉતારી દીધાં હતાં ને પ્લેન ઉપડ્યું ન હતું.આપણાં દેશ ની ખાસિયત મુજબ તપાસ પંચ નિમી ને સમય કાઢી પ્રજા ને આ મેટર ભુલવાડી દેશે અને ન્યૂઝપેપર નાં એક નાનાં ખૂણા માં તેનો રિપોર્ટ આવી જશે. કોઈ સાજિસ હશે તો એક અઠવાડીયા માં તેનો રિપોર્ટ આવી જશે.પણ અત્યારે તો આપણે આ બધાં નાં આત્મા ની શાંતિ માટે પાર્થના કરીએ.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***

★વિષય:-"વિમાન દુર્ઘટના"★
★શિર્ષક;- "અંતિમ સફર"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૧૨૬"★

૨૪૨ વ્યક્તિને નહોતી ખબર, છે અંતિમ સફર,
ઈશ ને આ શું સૂઝ્યું, જિંદગીભર રહેશે અસર.
હોંશે હોંશે સ્વજનને વળાવી, ને હાશ થઈ ત્યાં,
દેખાયો એક અગન ગોળો નભમાં, દૂર દૂર જ્યાં.
ઉઠ્યો નિજજનોને મનમાં સવાલ,ઉડયું પ્લેન જે,
મારા સ્વજનને લઈને,એ અગન ગોળો બન્યું છે.
હજી સ્વજનને લંડન વિદાયના, હર્ષના આંસુઓ,
વહેતાં હતાં,ત્યાં શાને વહેતાં થયાં, શોકના આંસુ.
હવે શોધશું ભૂલ કોની કોની હતી, શા માટે હતી,
પણ જે ગયાં તેના માટેની ક્ષણ તો, આખરી હતી.
તું ઈશ્વર છે, તેનો પુરાવો તારે પણ આપવો પડે છે,
એક બચી જાય એ, તારા ચમત્કારનો પુરાવો હશે.
આપી એ શ્રદ્ધાંજલિ ભારે હૈયે અને આંખમાં અશ્રુ સાથે,
ગયાં સ્વજન જે છોડી, તેની યાદમાં જીવવું પડશે આજે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**

વિષય : વિમાન દુર્ઘટના
શિર્ષક : સ્મરણાંજલિ
પ્રકાર : લેખ શબ્દો : ૧૯૧

" ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે?" ખરેખર જીંદગીનો કોઈ ભરોસો નથી. ક્યારે, શું, શા માટે? જેવા અધ્યાહાર પ્રશ્નો જીવનમાં અનેક અસંગતતા જન્માવે છે. કોઈ તેનો જવાબ નથી આપી શકતું.
પોતાના સામાનની સાથે પોતાના અનેક સ્વપ્નાઓને પણ ખીચોખીચ ભરીને મુસાફરો અમદાવાદના હવાઈમથક પર આવ્યા. લંડન જવાની તાલાવેલી, ઉત્સાહ, ઉમંગ દરેકના મોં પર છલકાતાં હતાં. મુકવા આવનાર સ્વજનોની આંખો ભીની હતી. એકબીજાને ભેટીને પોતાના હોવાનો અહેસાસ સાથે લઈને જવાનું હતું, પરંતુ એમાંથી એ કોઈને નહોતી ખબર કે ફરી ક્યારેય ભેટો નથી થવાનો.
દરેક મુસાફરોનો પોતપોતાનો ઈતિહાસ હોય જ! કોઈ માબાપને મળવા આવ્યું હોય, કોઈ લગ્ન કરવા આવ્યું હોય, કોઈ પ્રસંગમાં હાજરી આપવા આવ્યું હોય, કોઈ જન્મદિવસની ઉજવણીમાં આવ્યું હોય.... પરંતુ.....એક જ ધક્કો અને સર્વવ્યાપી વિનાશ...
એક આગ અને બધું જ ભડકે બળ્યું. માણસોની સાથે તેમના સ્વપ્ન પણ અધૂરાં રહી ગયાં અને વિમાનની ઉડાનની ગણતરીની મિનિટોમાં જ બધું રોળાઈ ગયું. અમદાવાદથી લંડન જતી ફ્લાઈટની ચીંથરેહાલ પરિસ્થિતિ નિઃશબ્દ બની, આંખોથી જોવા છતાં ના માની શકાય એવા સંજોગો હતાં. કરુણ ચિચિયારીઓ અને દુઃખદ અવસાનની યાદી નું લીસ્ટ.... ના માની શકાય અને કદી ના ભૂલી શકાય તેવી દુર્ઘટના બની ગઈ. રહી ગઈ માત્ર યાદો. સ્મરણોથી દરેક જીવાત્માને અંજલિ ?? અસ્તુ!
◦◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦◦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 173**

પ્રકાર - ગદ્ય શબ્દો -૨૮૨.
વિષય - 'વિમાન દુર્ઘટના'
શીર્ષક - "અમદાવાદ ની વિમાન દુર્ઘટના"

૧૨/ ૬/૨૦૨૫, ગુરૂવાર નાં ગોઝારા દિવસે અમદાવાદમાં એર ઈન્ડિયાનું એક વિમાન ક્રેશ થયું હતું. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતાં, જેમાંથી ફક્ત એક જ વ્યક્તિ જીવિત મળી આવ્યો હતો. આ સિવાય આ અકસ્માતમાં બાકીનાં બધા લોકોનાં મૃત્યુ થયાં હતાં. ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતાં, જેમનું મૃત્યુ થયું હતું. અહીં ઉલ્લેખનીય છે કે, આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા નાં થોડા સમય પછી જ વિમાન અચાનક અકસ્માતનો ભોગ બન્યું. જોકે, હવે આ અકસ્માત કેમ થયો તેનાં કારણો તપાસવામાં આવી રહ્યા છે.
આ કારણો હોઈ શકે છે-
વિમાન દુર્ઘટના પછી, તેની તપાસ હજુ પણ ચાલી રહી છે. જોકે, આ અકસ્માત પાછળ કેટલાક મહત્ત્વપૂર્ણ કારણો હોઈ શકે છે. મુખ્ય કારણો નીચે મુજબ છે-
વિમાનનાં બંને એન્જિન એકસાથે બંધ થવા.
વિમાન સાથે પક્ષી અથડાવું.
વધુ પડતી ગરમી.
વધુ પડતું વજન.
એન્જિન સુધી ફ્યૂલ ન પહોંચવું.
ટેકનિકલ/ઈલેક્ટ્રિકલ ખામી.જોકે, વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. આ વિમાનનું ફ્રફઇ અને ઈમરજન્સી લોકેટર ટ્રાન્સમીટર પહેલાંથી જ મળી આવ્યું છે. આ બંને ઉપકરણોમાં વિમાન દુર્ઘટના સંબંધિત તકનીકી માહિતી નથી. ફ્રફઇ માં ફક્ત તે ઘટનાઓ રેકોર્ડ કરવામાં આવે છે, જેને વિમાનમાં સ્થાપિત કેમેરા કેપ્ચર કરી શકે છે. તે જ સમયે, ઈમરજન્સી લોકેટર ટ્રાન્સમીટરનું કાર્ય ફક્ત વિમાનનું સ્થાન જણાવવાનું છે. બધી તકનીકી માહિતી ફક્ત બ્લેક બોક્સમાં છે. આવી સ્થિતિમાં, હવે આ કેસની તપાસ વધુ ઝડપથી કરવામાં આવશે.
ત્રણ એજન્સીઓ અકસ્માતની તપાસમાં રોકાયેલી છે. આમાં, ભારતનું એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (છછૈંભ), અમેરિકાનું નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને બ્રિટનની એર એક્સિડેન્ટ્સ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ તપાસમાં મદદ કરી રહ્યા છે. આ ઉપરાંત, અકસ્માત બાદ, ક્વ્ઝછ એ બોઈંગ ૭૮૭-૮/૯ એરક્રાફ્ટ પર સલામતી તપાસ વધારવાનાં નિર્દેશો જારી કર્યા છે. એવી માહિ
તી મળી છે કે, નવી સૂચનાઓ ૧૫ જૂન ૨૦૨૫ નાં રોજ મધ્યરાત્રિ ૧૨ વાગ્યાથી અમલમાં આવશે.
-ડૉ.દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-168**

વિષય:-વિમાન દુર્ઘટના
શિક્ષક:-૧૨:૬:૨૦૨૫ કાળો દિવસ
પ્રકાર:- ગદ્ય શબ્દ ૩૪૨

એર ઈન્ડિયા પ્લેન ક્રેસ અકસ્માત 'અમદાવાદ' - માનવ પ્રાણીને ધ્રુજાવી મન મસ્તિષ્કને દ્વિધામાં
નાખી વિચાર કરવા મજબૂર કરી દીધાં છે !! અને હૃદયનાં ધબકારા વધારી ડરાવી સંવેદનાઓને ઉજાગર કરી.. વાહ..! જિંદગી બસ તારી આ કિંમત..!? તારા અકસ્માત નાં પ્રકાર ઉપર આંકવામાં તે મજબૂર કરી દીધાં છે !!
આ ઘટનાં વિષમ અસહાય જ્વલનશીલ પીળાદાયક અનેક નિર્દોષ મૃત્યુ- માનવ જાત માટે એક દ્રષ્ટાંત છે. આ ઘટનાને પ્રેરણા સ્ત્રોત એટલે કહીં શકીએ કે આ નસવર દેહનું ક્યારે કઈ રીતે એક દિવસ વિલય છે. તો આપણે અહંકારને દફનાવી માફી આપી, માફી માંગી, નમી જઈ, ભૂલી જઈ, ભેટી જઈ એકબીજાનાં સુખ દુઃખમાં સહયોગી બનીએ.
। ઈશ્વરીય જલ થલ આકાશ વાયુ અગ્નિ ભૌગોલિક સૃષ્ટિ ચક્ર મુજબ થતું આવ્યું છે અને થતું રહેશે. જે ડ્રામા નો પાઠમાં પરિવર્તન માટે ફિક્સ હોય છે. પરંતુ માનવસર્જિત રચનામાં એની સગવડો ખાતર સ્વયં ઊભી કરેલી સગવડો માં ક્યાંક ચૂક રહી જાય એ સ્વાભાવિક છે. એ ચૂકની ચુકવણી છેવટે માણસને જ ચૂકવવાનો વારો આવે છે, જે આ પ્લેન ક્રેસ અકસ્માત એક જીવતો જાગતો દ્રષ્ટાંત છે. વિહિકલ એલર્ટ એક્શન પ્લાન એવો નક્કી થાય કે ભલે તે પ્લેન રેલવે પેસેન્જર બસ પર્સનલ વ્હીકલ નો એન્જિન કેમ નાં હોય, તેવાં આવાં બધાં પ્રકારનાં સુખાકારી સાધનોનો મેન્ટનસ સર્વિસ (ચેકિંગ) ના નિયમો કમ્પલસરી હોવાં જોઈએ. અને આ સાથે એક્સપાયર ડેટ ઠરૂઢ સાધનોનું હોવું જરૂરી છે.
અને પ્લેન જેવાનું તો ચેકિંગ મેન્ટેનન્સ સર્વિસ તેમજ પ્લેન ચલાવા માટે 'ફીટ ફોર ડ્રાઈવ'સર્ટિફિકેટ દર વર્ષે કંપની વાળાઓ પાસેથી લેવાનું હોવું જોઈએ.
આજનો માણસ- માણસની જ આળસ, ભૂલ, ગદ્દારી, ભ્રષ્ટાચાર, કપટ ,બદલો લેવાની ભાવના નો શિકાર થતો આવ્યો છે. શાંતિનો સંદેશ વાહક એવો માનવ આજે - યુદ્ધ કરવામાં, પ્લેન હાઈજેક કરવામાં,પ્લેનને બોમ્બ થી ઉડાવી દેવામાં અને નરસંહારને શાંતિ સમજતો થઈ ગયો છે.!? આજે જંગલોનું નિકંદન કરી નિર્દોષ પ્રાણીઓને ઘર બહાર કરી દીધા છે.!! આમ આજનો માણસ સ્વાર્થમાં શું નાં કરી શકે કહેવાય નહીં.??
હે..! પરમપિતા પરમાત્મા અમદાવાદ પ્લેન ક્રેશમાં નિર્દોષ માર્યા ગયેલાં તારાં બધાં બાળકોની આત્માને શાંતિ આપી યોગ્ય સ્થાન આપજે, તેઓનાં પરિવારને આ દુઃખની વેળામાં સહન કરવાની શક્તિ આપજે. અને કોઈ સંડોવાયેલી વ્યક્તિ હોય તો એને સદબુદ્ધિ આપજે અને એનાં કાવતરાને જરૂર ઉજાગર કરી દંડિત કરજે.
ઓમ શાંતિ
ડોક્ટર કનૈયાલાલ માલી ઉત્સવ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**

વિષય:વિમાન દુર્ઘટના
શીર્ષકઃ સ્મૃતિઓમાં રહી ગયાં
પ્રકાર:પદ્ય શબ્દો:૧૧૮

વિમાન દુર્ઘટનામાં મુસાફરો હતાં સવાર,
જવાનું ક્યાં ગયાં ક્યાં પહોંચ્યાં પ્રભુના દ્વાર!

આંખોના તારા આવી રીતે બુઝાઈ ગયાં,
ધગધગતી આગમાં બળીને ભસ્મ થઈ ગયાં!

સ્વજન મૂકવાં ગયાં હતાં હવાઈ મથક પર,
કોઈ રાહ જોઈ રહ્યાં હતાં આવવા પર!

આ બદનસીબ નહીં તો બીજું શું?
કેમ કાળ એમનો કોળિયો કરી ગયો!

સપનાં જોતા પહેલા જ પૂરા થઈ ગયાં,
સપનાના મહેલો પહેલેથી ઉજડી ગયાં!

હજારો ટુકડામાં પૂરી થઈ ગઈ ખુશખુશાલ જિંદગી,
જીવન આશા આકાંક્ષા
બધું દફન પૂરી જિંદગી!

કોઈના અરમાન તૂટીને થયાં વેર વિખેર,
કોઈના ઘરબાર આજ બધું જ વેર વિખેર!

'પ્રેમ' સ્મૃતિઓમાં બસ હવે તેઓ રહી ગયાં,
દૂર સ્વજનોથી હંમેશને માટે ચાલ્યાં ગયાં

શ્રી પાલજીભાઈ રાઠોડ આદરીયાણા (સુરેન્દ્રનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.S.S.No.387**

વિષયઃ વિમાન દુર્ઘટના
શિર્ષક: "મૌન છું હું "
પ્રકારઃ ગદ્ય, શબ્દો:૨૮૧

ગુરુવાર ને તો શુભ દિવસ માનવામાં આવે છે,તો એટલો બધો કદીયે ન ભૂલાય તેવો અશુભ,કાળમુખો કેમ નિવડ્યો?
મૌન છું હું!
૧૨/૬/૨૫ ને ગુરુવારે એ પ્લેન ના સૌ યાત્રીઓ ભગવાન ને પ્રાર્થના કરી, પગે લાગી, સ્વજનો ના શુભાશિષ અને સુકન લઈ ને જ બેઠા હોય, તોય આવી અકલ્પનીય,હીચકારી, દુઃખદ ઘટના કેમ બની! મુસાફરી હજી શરૂ જ કરીને પળ વારમાં જીન્દગી બળી ને કોલસો થઈ ગઈ!
મૌન છું હું!
કોને દોષ દેવો? પાયલોટ, કંપની કે કર્મો!! દરેક ના કેટકેટલાય રંગીન સપનાં ઓ હશે, અરમાનો હશે.
જીવન બનાવવાના, જીવન બાગ ખીલવવા નાં, ખીલેલા બાગ ને વધુ સુંદર બનાવવા, મૂડી ને મળવાના, મૂડી ના વ્યાજ ને પણ મળવાનાં, માબાપ ને મળવાના,પણ આ અપાર ખુશીઓ ના મહાસાગર માં મોજ કરવાનું સપનું આશા, ઉમંગ સાથે જ ગણત્રી ની પળો માં રોળાઈ ગયું.!! ભગવાન તું કેમ આટલો નિર્દય બન્યો!
મૌન છું હું!!
અને મળ્યું તો એક સાથે જ કારમી વેદના સાથે ભડથું થઈ પળવારમાં ધૂમાડો થઈ ગયાં ? કંઈ જ સમજાતું નથી કે આ શું થઈ ગયું!
"મૌન છું હું"
પ્લેન ના યાત્રી ને તો લીધા જ લીધા પણ જે યાત્રી ન હતા એને પણ સામે ચાલીને અનંત ની યાત્રા એ લઈ ગયા! હૈયું ધ્રુજી ઉઠે છે.
"મૌન છું હું."
બાકી રહેલા સ્વજનો માટે જીવવું ખૂબ અસહ્ય થઈ ગયું .
સાંત્વના માટે શબ્દો જ નથી
"જી ને કે લિયે સોચા હી નહીં...
દર્દ સંભાલ ને હોંગે...
તુજ સે નારાજ નહીં જીન્દગી,
હેરાન હું મૈં...પરેશાન હૂં મૈં..
છેલ્લે "તુ હી બિગાડે,તુ હી સંવારે..ઈસ જગ કે સારે કામ...
હે...રામ ...હે...રામ.
સૌ મૃતાત્મા ને ભગવાન તેમના ચરણોમાં સ્થાન આપે અને પરિવાર જનો ને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના કરું છું
પુનિતા બેન દવે -મણિનગર અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***

★વિષય:- વિમાન દુર્ઘટના★
★શીર્ષક:- બપોરે શું થવાનું છે ?★
★પ્રકાર:- પદ્ય શબ્દો:- ૧૩૦★

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?
ન જાણ્યું વિમાનપથિકોએ બપોરે શું થવાનું છે ?

અય કુદરત કહે તો, તને આવી મતિ કેમ રે સૂઝી ?
ગુજરાતના પૂર્વ નાથ શ્રી વિજય રૂપાણીનેય,ક્યારે શું થવાનું છે ?

આવી ક્રૂરતા દાખવીને કહે, કેમ હાહાકાર મચાવેલો ?
કોઈનું કોઈ ગયું, કોઈનું કાંઈ, શી ખબર ત્યારે શું થવાનું છે ?

કેટલા ને કેવા અરમાનો સાથે સર્વેએ સફર શરૂ કરેલી,
આનંદ - ખુશીનો માહોલ આક્રંદમાં, આમ છાસવારે શું થવાનું છે ?

આવજો, ર્દ્ઘ મ્આી - આ શું અંતિમ મ્આી - મ્આી બની રહ્યાં ?
વિમાનમથક પરનાં સગાંસ્નેહીઓને કશી ના ખબર શું થવાનું છે ?

૨૪૨ પુણ્યાત્માઓ પર ક્રૂર કાળથપ્પડ તેં કેવી લગાવી ?
હે નાથ, તારાં દ્વારે બોલાવીને, આ શું થવાનું છે ?

નાનાં નાનાં બાલબચ્ચાં ને ભૂલકાંઓએ શાં પાપ કરેલાં ?
★"પંકજ"★- પરમાત્માને પૂછે છે,આવો ખેલ ખેલીને શું થવાનું છે ?
★મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**

વિષય: વિમાન ની દુર્ઘટના
શિર્ષક: અણધારી આફત
શબ્દો: ૧૦૦. પ્રકારઃ ગદ્ય
ઓરતા જાગીયા હતા વિદેશ જવાના
સપના ઓ ધુળ માં રોળાઈ ગયા

યાંત્રીક ખામી હતી વિમાન માં
નિર્દોષ ના ભોગ લેવાય ગયા

પોતાના સ્વજનો ને મળવાની હતી ઘણી આશ
પણ લેવાય ગયો જીંદગી નો છેલ્લો શ્વાસ
હે અગનજ્વાળા તું આટલી વિકરાળ કેમ બની
પ્લેન ક્રેશ થયું ને તું ઊંચી ઊંચી બિલ્ડિંગ ને ગય નમી
આવી જશે અણધારી આફત આવી ક્યાં ખબર હતી
થય જશે આ અમુલ્ય જીંદગી રાખમાં
તેમને ક્યાં ખબર હતી
સ્વજનો ને રોતા કકળતા મુકી ને
તે પંચમહાભૂતમાં થય જશે મીલન
તેમને ક્યાં ખબર હતી

હે પ્રભુ આ પથીક તમને પ્રાર્થના કરે કે
તું દેજે આ સ્વર્ગ વાસી માનવી ને
તારા ચરણોમાં સ્થાન
વિજયસિંહ ઝાલા

# કલમના કસબી સાહિત્ય પરિવારનું પુસ્તક શબ્દ સુગંધ ભાગ પાંચ કાવ્ય સંગ્રહનું વિમોચન





કલમના કસબી સાહિત્ય પરિવારનું પુસ્તક શબ્દસુગંધ ભાગ પાંચ (કાવ્યસંગ્રહ). જેમાં બાવન જેટલાં કવિ કવયિત્રીની સ્વરચિત રચનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાવ્યસંગ્રહ હંમેશ માટે યાદગાર બની જશે કારણ આ કાવ્યસંગ્રહનું વિમોચન સ્વ શ્રી વિજયભાઈ રમણિકભાઈ રુપાણી કે જેઓ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હતા, (આજે મને હતા લખ્વું પડે છે.) એમના હસ્તક થવાનું હતું. તા ૧૧૬૨૦૨૫ સુધી બધું બરાબર હતું પણ અચાનક તે દિવસે બપોરે મને જસ્મીનભાઈ કે જેઓ વિજયભાઈના અંગત સગા છે એમણે મને ખબર આપ્યા કે વિજયભાઈ હવે સમ્મેલનમાં હાજર નહીં રહી શકે અને મને ફાળ પડી કે હવે શું? મારા કાગડોળે આ પ્રસંગની રાહ જોતા પરિવારને હું કેમ કહીશ કે હવે વિજયભાઈ નથી આવવાના. થોડીવારે જરા સ્વસ્થ થઈ ને મેં વિજયભાઈને ફોન કરીને ભલામણ કરી કે જો લંડન જવાનું મુલતવી રાખી શકીને આ અમારા કાર્યક્રમને દીપાવવા હાજર રહી શકો તો અમારો પરિવાર ખુશ થશે. કહેવાય છે ને કે નજાણ્યું જાનકી નાથે કે સવારે શું થશે! અથવા તો કાળની ગતિ ન્યારી છે. એમણે મને કહ્યું ના જીજ્ઞાબેન મારે જવું જ પડે એમ છે જરૂરી કામ છે તો હું હાજર નહીં રહી શકું પણ તમને શુભેચ્છાનો એક ઓડિયો હું મોકલું છું એમણે તરત જ એક ઓડિયો મોકલી આપ્યો ત્યારે કોઈને ક્યાં ખબર હતી કે આ એમના જીવનનો કદાચિત છેલ્લો ઓડિયો હશે! હજી તો સાંજે મને ઓડિયો આપે છે અને બીજે દિવસે એવા સમાચાર આવ્યા કે લંડન જતું વિમાન દુર્ઘટના ગ્રસ્ત થઈને તૂટી પડયું છે એમાં વિજયભાઈ રુપાણી પણ હતા. આ સમાચાર સાંભળીને મને ફાળ પડી. અરેરે હજી કાલે તો મેં વાત કરી અને એક જ ક્ષણમાં માનવી હતો નહોતો થઈ ગયો. હવે હું આ કાર્યક્રમ કેવી રીતે કરીશ? ત્યાં જ વિજયભાઈનો ઓડિયો મેં બરાબર સાંભળ્યો એમાં વિજયભાઈએ ચોખ્ખું બોલ્યું હતું કે આ કાર્યક્રમમાં આવવાની મારી ઈચ્છા છે. મેં એમની ઈચ્છાને માન આપીને આ કાર્યક્રમને એમની શ્રદ્ધાંજલિમાં ફેરવી નાંખ્યો અને અમારું પુસ્તક શબ્દસુગંધ ભાગ પાંચ એમના જ શ્રી ચરણમાં અર્પણ કરી દીધું.

એમને એક શ્રદ્ધાંજલિ રૂપે આ કાર્યક્રમનું આયોજન કર્યું જેમાં હાજર રહેનાર દરેકેદરેક કવિ મિત્રોએ એમની સ્વરચિત રચના, એકોંકિત, મૂકઅભિનયની સુંદર રીતે રજુઆત કરી અને આખા પ્રોગામનું સંચાલન ભીખુભાઈ શાહએ ખૂબ સરસ રીતે કર્યું. આ પ્રસંગમાં ન્યુઝ ઓફ ગાંધીનગરના એડિટર તેમજ એનઓજી સાહિત્ય સરિતા ગ્રુપ સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ પણ હાજર હતા.જેમનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ તેમને સાહિત્યિક ગ્રુપ વિષયક વક્તવ્ય આપ્યું હતું. હાજર રહેલા તમામ સદસ્યના સન્માન કરી સ્વરુચિ સાત્વિક ભોજન લઈ ફરી આવા જ કાર્યક્રમ યોજવાના કોલ સાથે છુટ્ટા પડ્યાં. આ કાર્યક્રમ ખરેખર ખૂબ જ સરસ રહ્યો. દરેકે જે આ પ્રસંગમાં હાજરી આપી છે એ તમામનો ખૂબ ખૂબ આભાર

વિશેષ આભાર જસ્મીનભાઈનો જે વિજયભાઈ રુપાણીના પરિવારના સદસ્ય હોવા છતાં હાજર રહીને આપણે જે વિજયભાઈ રુપાણીનું સન્માન કર્યુ છે ( શાલ, ફોટો, મોમેન્ટો વગેરે) તે વિજયભાઈ રુપાણીના ઘરે પહોંચતી કરી દીધી. ભીખુભાઈએ કાર્યક્રમનું સંચાલન ખૂબ સરસ રીતે કર્યુ, ચૈતાલીબેન સુકેતુભાઈએ હોટલનું મેનુ ફિક્સ કરવાની જવાબદારી સરસ ઉપાડી લીધી, ફોટો અને વિડીયોની જવાબદારી જૈમીનભાઈએ સરસ નિભાવી છે. એણે તો જાણે દરેકેદરેક સભ્યને એના મોબાઈલમાં કેદ કરી લીધાં, હીનાબેન અને અંજનાબેને પણ સાથ આપ્યો તો પોપીનભાઈ અને સુકેતુએ સરસ રીતે જમવાની વ્યવસ્થા નિભાવી છે.

દરેકેદરેક સભ્યની રચના સરસ હતી, ભાવનાબેનની ઝાડનું અસ્તિત્વ પર સરસ એકોંકિત કરી, રશ્મિબેન સંપટની પણ અજન્મા દીકરીની એકોંકિત ખૂબ જ સરસ હતી તો કલ્પનાબેનનો મૂકઅભિનય પણ સરસ હતો. ક્યાંક કોઈની રચનામાં હાસ્ય હતું તો નવીનભાઈની રચનામાં પણ શીઘ્રકવિની છાપ અનેરી હતી. ગઝલો તો ખૂબ સરસ હતી એની સાથે ગઝલની પ્રસ્તુતિ પણ સૌની ખૂબ જ સરસ હતી. જાણે કાર્યક્રમમાં બધાં એવા તો ઓતપોત હતાં કે જમવાનું ભાન જ ન રહ્યું. ફરી એકવાર કાર્યક્રમમાં હાજર રહેનાર સભ્યને મારી અનેક શુભેચ્છાઓ સહ અસ્તુ જીજ્ઞા કપુરિયા નિયતી

## એસબીએસ કર્મચારી પરિવાર દ્વારા રેડક્રોસ હોસ્પિટલ અલંગ ને રૂ.૯ લાખ નો ચેક હોસ્પિટલમાં સોલાર સેવાઓ માટે અર્પણ કરાયો



રેડક્રોસ ની માનવતાવાદી સેવાઓ સંદર્ભ માં અને રેડક્રોસ ની અલંગ ખાતે વિનામૂલ્યે ચાલી રહેલી હોસ્પિટલમાં હાલ માં નવા વિભાગો અને બિલ્ડીંગ ના નવીનીકરણ ની કામગીરી દાતા ઓ ની મદદ મેળવી ને કરવા ના પ્રયત્ન ચાલી રહ્યા છે જેના ભાગરૂપે રાષ્ટ્ર સમાજ તરફ નું ઋણ અદા કરવા ના ભાવ સાથે એસબીએસ કર્મચારી પરિવારે એક ઘરેલુ સમારોહ માં એસબીઆઈ ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી માતા પ્રસાદ ની બદલી થતા તેઓના હસ્તે રૂ.૯ લાખ રેડક્રોસ ભાવનગર સંચાલિત રેડક્રોસ હોસ્પિટલ અલંગ માટે સોલાર સિસ્ટમ ની મદદ માટે નો ચેક રેડક્રોસ ના ચેરમેન ડો મિલનભાઈ દવે, વાઈસ ચેરમેન સુમિત ઠક્કર ને અર્પણ કરવા માં આવ્યો હતો, જેમાં નવા આસી જનરલ મેનેજરશ્રી રામાણી, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર રાજાબાબુ, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ પ્રત્યે નું ઋણ એસબીએસ કર્મચારી પરિવાર અને શહીદ સૈનિક ફન્ડ માટે સતત સક્રિય સેવા કરનાર વડીલ શ્રી જનાર્દનભાઈ ભટ્ટ ની પ્રેરણા થી એસબીએસ કર્મચારી પરિવાર દ્વારા રેડક્રોસ હોસ્પિટલ અલંગ પ્લોટ ન-૯ માટે આ સહયોગ સેવા આપવા માં આવી હતી.રેડક્રોસ સોસાયટી ભાવનગર પરિવાર દ્વારા એસબીએસ કર્મચારી પરિવાર નો આભાર વ્યક્ત કરવા માં આવ્યો હતો.

## જેક્સનવિલે, ફ્લોરિડા એ ૧૬ જૂનને ’શ્રી શ્રી રવિશંકર શાંતિ અને આરોગ્ય દિવસ’ તરીકે જાહેર કર્યો છે



જેક્સનવિલે, ફ્લોરિડાએ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરની આજીવન સેવા અને સમજ, એકતા અને ઉપચારને પ્રોત્સાહન આપવા માટે આર્ટ ઓફ લિવિંગના સતત પ્રયાસોને માન આપવા માટે ૧૬ જૂનને સત્તાવાર રીતે ‘શ્રી શ્રી રવિશંકર શાંતિ અને આરોગ્ય દિવસ‘ તરીકે જાહેર કર્યો છે.યુનિવર્સિટી ઓફ નોર્થ ફ્લોરિડા ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મેયરે આ ઘોષણા ઔપચારિક રીતે રજૂ કરી હતી.

આ ઘોષણા સાથે, જેક્સનવિલે ‘શ્રી શ્રી રવિશંકર દિવસ‘ જાહેર કરનાર વિશ્વભરનું ૩૨મું શહેર બન્યું છે.



હાલમાં બનેલી એર ઈન્ડિયા વિમાન ક્રેશની દુર્ઘટનામાં ઘણા બધા હતભાગી પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ કે. દવેની અધ્યક્ષતામાં કામગીરી શરૂ કરતા પહેલા, એક મિનિટનું મૌન પાડી સર્વ જીવાત્માઓને શાંતિ મળે તથા તેમના પરિવારને ઈશ્વર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ ડાકોરના મૃતક સ્વઃ શ્રી પૂર્ણિમાબેન પટેલની સન્માનભેર અંતિમવિધિ કરવામાં આવી









અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં અવસાન પામેલા ખેડા જિલ્લાના ડાકોરના સ્વ શ્રી પૂર્ણિમાબેન પ્રકાશભાઈ પટેલના પાર્થિવ દેહને પોલીસ એસ્કોર્ટ સાથે એમ્બ્યુલન્સ વાનમાં તેમના ઘરે લાવવામાં આવ્યો હતો. જયાં, શ્રી પૂર્ણિમાબેન પટેલને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સન્માનભેર અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં માનવ મહેરામણ મૃતકના પરિવારજનોને સાંત્વના આપવા માટે પહોંચ્યા હતા. ત્યારે ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોરે મૃતક શ્રી પૂર્ણિમાબેન પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમના પરિવારજનો સાથે દુઃખમાં સહભાગી બની સંવેદના વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં અવસાન પામેલા મૃતકોના પરિવારજનો સાથે જિલ્લા વહીવટી તંત્ર સતત સંપર્કમાં છે. બાકીના મૃતકોની મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટને લગતી કામગીરી તથા ડીએનએ ટેસ્ટ થયા બાદ મૃતકોની ઓળખ કરીને તેમના મૃતદેહોને અમદાવાદ ખાતેથી સત્વરે જિલ્લામાં લાવવામાં આવશે.

## બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો

રાજયમાં ચોમાસાના આગમન સાથે જ સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, ભાવનગર જિલ્લાના પાલીતાણા અને શિહોર ૧૨-૧૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૮ ઈંચ તેમજ બોટાદ જિલ્લામાં એક જ દિવસમાં સરેરાશ ૭.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છેતાલુકાની વાત કરીએ તો, ગત ૨૪ કલાકમાં ભાવનગરના જેશર અને ઉમરાળા, અમરેલીના સાવરકુંડલા તેમજ બોટાદ તાલુકામાં ૧૦ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. ભાવનગરના મહુવા તાલુકામાં પણ ૯ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત અમરેલીના રાજુલા, અમરેલી અને લીલીયા, ભાવનગરના વલ્લભીપુર અને તળાજા તેમજ સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં પણ ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વધુમાં, ભાવનગરના ગારીયાધાર, રાજકોટના વિંછીયા, ભરૂચના હાંસોટ, અમરેલીના બાબરા અને ખાંભા તેમજ મોરબી તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે, મોરબીના ટંકારા અને હળવદ, રાજકોટના જસદણ અને જેતપુર, સુરેન્દ્રનગરના ચુડા, સાયલા, થાનગઢ અને મુળી, ભરૂચના વાગરા અને અંકલેશ્વર, સુરતના ઓલપાડ, અમરેલીના લાઠી, કચ્છના માંડવી, ભાવનગર ઉપરાંત જૂનાગઢ શહેર અને તાલુકામાં પણ ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.આ ઉપરાંત રાજ્યના ૨૫ તાલુકામાં બે ઈંચથી વધુ, ૬૬ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૯૩ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે.

## રાજ્ય સરકાર પેઢીનામાં સહિતના દસ્તાવેજો સામે ચાલીને પૂરા પાડીને સ્વજનોને મદદરૂપ થઈ રહી છે

અમદાવાદમાં છૈં-૧૭૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના સ્વજનોની આવી પડેલી દુઃખની ઘડીમાં રાજ્ય સરકારે પૂરતી કાળજી લીધી છે. દુર્ઘટનાગ્રસ્તોના પાર્થિવ દેહની સોંપણીથી લઈને વીમા-દાવાની પતાવટ માટે જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા સહિતના કોઈ પણ તબક્કે પરિવારજનોને કોઈ મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા યોગ્ય તંત્ર ગોઠવાયું છે અને તમામ પ્રકારે સામે ચાલીને મદદ પૂરી પાડવામાં આવી રહી છે.વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કોઈ વીમા કંપની તેમજ કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં કામ સરળતાથી પાર પડે તે માટે સ્વર્ગસ્થના સ્વજનોનો સત્વરે સંપર્ક કરીને જરૂરી દસ્તાવેજો સરકારે સામે ચાલીને પૂરાં પાડ્યાં છે. સ્વર્ગસ્થના પેઢીનામા સહિતના દસ્તાવેજો પંચો તથા સાક્ષીઓના આધારે આપવા વહીવટી તંત્ર સામે ચાલીને મદદરૂપ થઈ રહ્યું છે.પાર્થિવ દેહ સોંપવાની કાર્યવાહી માટે, દુર્ઘટનાગ્રસ્ત મુસાફરોના પરિવારજનો સાથે સતત સંકલન માટે જિલ્લા તંત્રએ ૨૫૦થી વધુ નોડલ અધિકારીઓની નિમણુંક કરી છે. આ તમામ કાર્યવાહી યોગ્ય રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે સુપરવિઝન અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.